સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

આખો દિ' દબ્યું છતાં ઢાંકણી જેટલું ય મળ્યું નહીં !
વર્ષોથી રહ્યા મૂંગા, મુત્સદ્દીઓથી મોઢું ખૂલ્યું નહીં !
થયું નહીં કંઈ નિદાન કૉંગીએ ઘસ્યું પીડા સામક
મૂંઝાયેલા મહારથીઓ એ મગનું નામ પાડ્યું નહીં !
(ધૂંધવાતો લાવા ધરતીકંપ લાવશે)

હાઈકુ

મૂકી મર્યાદા -
આંખની ન રાખી તો -
'ગાંધી'ની રાખો !

ભારે દબાણે -
બંધિયાર પાણીનો -
લ્યો ! તૂટ્યો ડેમ !

ચિંતન

જલ્પનં લાઘવકરં મૌનં ઉન્નતિ કારકમ્ ।
મુખરં નુપૂરં પાદે, કંઠે હારો વિરાજતે ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

બહુ બબડવાથી, બોલ બોલ કરવાથી ઘણીવાર અવગણના અનાદર થાય છે અને મૌન રહેવાથી ઉન્નતિ કે આદર મળે છે. રુમઝુમના આ સતત ડખાને કારણે પગમાં જ તેનું સ્થાન છે. જ્યારે સતત મૌન રાખનાર સોનાનો હાર કંઠમાં ગળે બંધાય છે.

ઘણીવાર આપણા મન, વિચાર, હૃદયમાં ઘણાને માટે, એમની ટેવ, સ્વભાવ, રીતભાત, કર્તવ્ય બાબતમાં ઘણું બધું કહેવાયું હોય અને મેમાં પણ જો આપણે વડીલના સ્થાને હોઈએ તો, આપણે એ બાબત ધ્યાન દોરવું જ જોઈએ. એવી આપણી ફરજની રુએ પણ બોલવા માટે અંદરથી દબાણ થયા કરે છે.

આવી તમારાથી નાનાનાં હાથે તમારું અવમાન - અનાદર ન થાય એવું ઈચ્છતા હોવ તો 'મૌન' રહેવામાં જ હવે સાર છે. મૌન રહેવાથી માન સવચાય છે. છતાંય બોલવું હોય તો તમારી મરજી, અને દર દિવાળીએ નવું ઊગતું હોય (નાક) તો ભોગવજો પરિણામ...

સુવિચાર

- કોઈ નેકદિલ માણસના દિલમાં ઈમાન હોય ત્યાં ઈર્ષ્યા માટે સ્થાન નથી બની શકતું - **હદીસ બોધ**
- કોયલ અમૃતરસનું પાન કરીને પણ ગર્વ નથી કરતી,
  પણ દેડકા કીચડનું ગંદુ પાણી પીને ટરટરાટ કર્યા કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ગુસ્સો આવે તો બરાડા પાડવા માટે તાકાતની જરૂર નથી,
  પણ ચૂપ રહેવા માટે તાકાત જોઈએ - **એચ. ડબલ્યું બિશર**
- સુખ તો સવાર જેવું હોય છે સાહેબ, માંગવાથઈ નહીં, જાગવાથી મળે છે !! - **ભોલાભાઈ ગોલીબાર**
- માણસ દૂબળો નથી હોતો, તેનો સંકલ્પ દૂબળો હોય છે, ન જીતીએ એ જુદી વાત છે પણ સંકલ્પમાં જ હારી જવાય નહીં, સંકલ્પ તગડો હોવો જોઈએ - **કાંતિ ભટ્ટ**
- ગુસ્સાના સિંહાસન પર બેસતાં જ બુદ્ધિ ત્યાંથી ખસી જાય છે : **એમ હેન્રી**
- આજનું ઔષધ : શેરડી ને ગેસ પર ગરમ કરી જરાક શેકીને ખાવાથી ગળું ખૂલી જાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રેડક્રોસના સ્થાપક અને અધ્યક્ષ કલેરા બાર્ટન એક આયર્ન લેડી હતા. એક દિવસ એક કાર્યક્રમમાં ઘણા બધા જૂના મિત્રો સાથે મુલાકાત અને ડીનર પાર્ટીનું આયોજન હતું એવામાં એક સજ્જન કલેરાથી દૂર પીઠ ફેરવીને ઊભા હતા. આ વખત કરેલાના અંગત મિત્રએ કલેરાને યાદ કરાવતા કહ્યું, 'પેલા સજ્જન ભલે તમારા દોસ્ત હતા પણ તેમને તમારી સાથે દુશ્મન જેવું કામ કર્યું હતું. તમારા રેડક્રોસ સ્થાપવાના પ્રયત્નો વખતે તેમણે અડચણો ઊભી કરી હતી. તમને યાદ હશે જ ને??' કલેરા બાર્ટને જવાબમાં કહ્યું, 'મિત્ર, બસ અહીં થોભો. જૂની વાતો મને યાદ ન કરાવો. મારો એક નિયમ છે. હું દુશ્મન અને દુશ્મનાવટ કદી યાદ રાખતી નથી. શત્રુને ભૂલવા માટે તેની સાથે જોડાયેલી બધી જ યાદો કડવા સંસ્મરણો ભૂલી જ જવા પડે. માટે એ ભૂતકાળ મને યાદ કરાવવાનો પ્રયત્ન ન કરો. આપણું મન મધુરી યાદો ને સંઘરી રાખવા માટે છે... વિષ સંઘરવા માટે નહિ.' મિત્રએ કહ્યું, 'મેડમ, પણ શત્રુ તો શત્રુ જ રહે છે. ભલે તમે ભૂલી જવાની વાત કરો છો પણ આ સજ્જન તો હજી મનમા ઘૂંઘવાયેલા દેખાઈ રહ્યા છે. સૌ આપણે મળવા આવી રહ્યા છે પણ તે સજ્જન તો પીઠ ફેરવીને ઊભા છે.' કલેરા એ હસતાં હસતાં કહ્યું, 'એ એમનો જીવન પ્રત્યેનો અભિગમ છે. મારો અભિગમ જુદો છે. હું હજી એવું જ માનું છું કે એક દોસ્ત ઓછો બનશે.... મોડો બનશે તો ચાલશે... પણ દુશ્મન તો તરત મટી જવો જોઈએ... કડવી વાતો ભૂલીને માફ કરીને મારે મારું જીવન આગળ જીવવું છે.' મિત્રને કલેરા બાર્ટનના વ્યક્તિત્વ માટે ખૂબ માન થયું.

સુપ્રીમકોર્ટનો આવકારદાયક અભિગમ

તંત્રીસ્થાનેથી...

સુપ્રીમ કોર્ટની મુખ્ય ન્યાયમૂર્તિ બોબડેના વડપણ હેઠળની ખંડપીઠે શિયા ધર્મગુરુની મોહરમનાં માતમ જુલૂસ કાઢવા દેવા માટે આદેશ કરવાની વિનંતી ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે વર્તમાન સંજોગોમાં પ્રજાના આરોગ્ય સાથે જોખમ ઊભું થાય એવી કોઈ માગણી મંજૂર ન જ કરે તે સમજી શકાય એમ છે. ખંડપીઠે કોરોના સંક્રમણનું જ કારણ આગળ ધરીને ચુકાદો આપ્યો છે. મોહરમના તાજિયા દેશભરનાં શહેરો, નગરો અને કસ્બાઓ માટે વર્ષની એક યાદગાર ઘટના બનતા રહ્યા છે. એમાં કર્બલામાં શહીદ થઈ ગયેલા મહંમદ પયગંબરના ભાણેજ અને એમના સાથીઓની યાદમાં માતમ મનાવાય છે. ઈસ્લામ ધર્માનુયાયીઓ માટે - ખાસ કરીને ઈમામને માનનારા શિયાપંથી મુસલમાનો માટે મોહરમનું તાજિયા જુલૂસ એક ફરજિયાત કર્મકાંડ બની ગયેલ છે. સુપ્રીમ કોર્ટમાં દેશભરમાં મોહરમનાં માતમ જુલૂસ કાઢવા માટે સરકાર મંજૂરી આપે એવો આદેશ કરાવવાની અપેક્ષાએ યાચિકા દાખલ ખરનાર શિયા પંથના મૌલાનાની દલીલ હતી કે સુપ્રીમ કોર્ટ જો પુરી ખાતે રથયાત્રા માટે આદેશ કરી શકતી હોય તો મુસ્લિમોની લાગણી જેની સાથે સંકળાયેલી છે એવા માતમ જુલૂસ અંગે આદેશ કેમ ન આપી શકાય ? વળી આવાં જુલૂસમાં પાંચ માણસથી વધુ સામેલ નહીં થાય એવી પણ ધર્મગુરુએ ખાતરી આપી હતી. સુપ્રીમ કોર્ટે એ તમામ દલીલો ફગાવી દઈ મોહરમ પ્રસંગે માતમ ઘરમાં જ મનાવવાના સરકારી આદેશોનું સમર્થન કર્યું હતું. પુરીની રથયાત્રામાં રથ એક સ્થળેથી સુનિશ્ચિત બીજા સ્થળ સુધી જ લઈ જવાના હોય છે. તેથી એ બે સ્થળો પર યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં તકલીફ પડે એમ નહોતી. જો કે પુરીની રથયાત્રા અંગે પણ જસ્ટિસ બોબડેએ પહેલાં ચુકાદામાં તો સ્પષ્ટ ઈન્કાર કર્યો હતો અને અમે એવો આદેશ આપીએ તો ભગવાન જગન્નાથ નારાજ થશે - એ મતલબનું નિવેદન કર્યું હતું. ખુદ ઓડિશા સરકાર અને મંદિરના વહીવટીતંત્ર સહિત અનેક સંસ્થાઓએ કરેલ રિવિઝન અરજી પછી નિયંત્રણો સહિત, કોઈ પણ પ્રકારની ભીડ વગર રથયાત્રા સંપન્ન કરવાનો આદેશ કરાયો હતો. મોહરમના માતમ જુલૂસમાં એવા નિશ્ચિત સ્થળથી નીકળી નિશ્ચિત સ્થળે વિરમવાની પ્રથા નથી. વળી કોઈ એક વિસ્તાર પૂરતી માગણી કરાઈ હોત તો એ કદાચ નિયંત્રણો સાથે વિચારણા હેઠળ લઈ શકાઈ હોત. પરંતુ ધર્મગુરુએ આખા દેશમાં મોહરમનાં જુલૂસ કાઢવાની માગણી કરી હતી. જો આવી છૂટ મળે તો ભીડ જામે જ. એથી કોરોના સંક્રમણની શક્યતા પણ વધી જાય. માણસોની ધર્મભાવનાના બહાના હેઠળ એમના આરોગ્ય સાથે ચેડાં કરવાં તે કોઈ પણ રીતે બરાબર ન ગણાય. વળી, મોહરમ તાજિયા જુલૂસ પછી કોરોના કેસ વધી જશે તો ફરી પેલી તબલીગી જમાતવાળી થાય - એવી સંભાવના પણ કોર્ટે ધ્યાને લીધી છે. એક જ સમુદાયને રોગચાળો ફેલાવવા માટે જવાબદાર ઠેરવી એના પ્રત્યે નફરત ફેલાવાય એવી પૂરી શક્યતા છે. આમ કરવાથી લૉ એન્ડ ઓર્ડરની સ્થિતિ કથળી શકે અને દેશમાં અજંપો ઊભો થઈ શકે. તેમ છતાં, લખનૌના મૌલાનાને સુપ્રીમ કોર્ટે સલાહ પણ આપી છે કે તમે સુનિશ્ચિત સ્થળો વચ્ચે જ તાજિયા માતમ જુલૂસ કાઢવા માગતા હો તો અલ્હાબાદ હાઈકોર્ટની પરવાનગીથી કાઢી શકો. સાંપ્રદાયિક સમસ્યા વકરે તો એ કોરોના કરતાં પણ વધુ ત્રાસદાયક બની શકે એ બાબત સુપ્રીમ કોર્ટ સુપેરે સમજે છે.

બાબુમોશાય ! ઝિંદગી બડી હોની ચાહિયે, લંબી નહીં ?

બાબુમોશાય ! ઝિંદગી બડી હોની ચાહિયે, લંબી નહીં ?

- આનંદ

હૃષિકેશ મુખર્જીએ ૧૯૭૧માં ભારતીય સિનેમાની અમર ફિલ્મ 'આનંદ' બનાવી. રાજેશ ખન્ના અભિનિત 'આનંદ' કાલજયી કૃતિ છે. તેમાં પણ ખાસ કમાલ હતો ગુલઝાર સા'બના લખેલા સંવાદોની ચમત્કૃતિનો. કેન્સર સામે ઝઝૂમતો રાજેશ ખન્ના જયારે ઉપરોક્ત સંવાદ બોલે છે, ત્યારે દર્શકો તાળીઓથી વધાવી લેતા હતા.જીવન તો આપણે બધા જ જીવી જઈએ છીએ... પરંતુ આપણું જીવ્યું કેટલું સાર્થક થયું ? તેવો કોઈ પ્રશ્ન પૂછે તો આપણી પાસે શું જવાબ હોય છે ? ૧૦૦ - ૧૦૦ વર્ષ જીવી જઈને આપણે શું કરી નાખવાના છીએ ? જીવનમાં વર્ષો નહીં, વર્ષોમાં જીવન ઉમેરતા આવડવું જોઈએ. આવી જ કંઈક વાત કહેતો એક શ્લોક સુભાષિત રત્નભાણ્ડાગારમાંથી મળી આવે છે.

વિચારયાત્રા
ડાયલોગથી દેવભાષા

ચલં વિત્તં ચલં ચિત્તં ચલે જિવિત યૌવને ।
ચલાચલમિદં સર્વં કીર્તિ : યસ્ય સ જીવતિ ॥

- ધન ચંચળ છે, ચિત્ત (મન) ચંચળ છે, યૌવન ચંચળ છે, જયાં બધું જ ચંચળ (અસ્થિર) છે તેવા આ સંસારમાં જેની પાસે કીર્તિ છે, યશ છે, તે જ જીવે છે.

ધન-સંપત્તિ પુષ્કળ હોય છતાં, તે ટકીને રહેતા નથી. મન તો આપણું મરકટ જેવું જ છે! તે તો કયારેય આપણે સ્થિર કરી શકતા જ નથી. યુવાની તો આજે છે અને કાલે નથી. આ બધી પરિસ્થિતિમાં જે વ્યક્તિએ એવા કાર્ય કર્યા હોય જે લાંબા સમય સુધી યાદ કરાય તો તે વ્યક્તિ અમર થઈ જાય છે.

ભગતસિંહ, સુખદેવ, રાજયગુરુ માત્ર ૩૪-૨૪ વર્ષની ઉંમરે ફાંસીના માચડે લટકી ગયા હતા... પરંતુ આપણે આજે પણ યાદ કરીએ છીએ. હજી બે દિવસ પહેલા જ શ્રી અટલબિહારી વાજપેયી પંચમહાભૂતમાં વિલીન થઈ ગયા પરંતુ તેમના ઉત્કૃષ્ટ કાર્ય હંમેશા જીવીત રાખશે... તાણી તોસીને દવાના હારડા લઈ લઈને પરાણે લાંબુ જીવન ખેંચવું - અને ઉમદા કાર્યો દ્વારા જીવનને જ ગ્લોરીફાય કરી દેવું આ બંનેમાં ઘણો ફરક છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

ઓનલાઈન 'વઢીયારી કવિ સંમેલન' યોજાયું

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્ત સંચય

● 'સાહિત્ય સાગર હૉંસલો કી ઉડાન' સંસ્થા દ્વારા, સપ્ટેમ્બર,૨૦૨૦ માં એક ઓનલાઈન 'હિન્દી કવિ સંમેલન' અને 'હિન્દી કાવ્ય પ્રતિયોગિતા' રાખવામાં આવી છે; જેમાં પ્રતિયોગિતાના પ્રથમ વિજેતાને રૂ.૧૧૦૦/-, દ્વિતીય વિજેતાને રૂ.૫૫૧/-અને તૃતીય વિજેતા ને રૂ.૨૫૧/-નો રાશિ પુરસ્કાર આપવામાં આવશે.જે કવિઓ આ પ્રતિયોગિતામાં કે ઓનલાઈન કવિ સંમેલનમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેમણે, વૉટ્સએપ નંબર ૯૬૬૭૭૧૩૫૨૨ ઉપર તા.૧૦-૯-૨૦૨૦ સુધીમાં સંપર્ક કરવા, સંસ્થાપક કવિ કુમાર ગિરીશ દ્વારા જણાવવામાં આવ્યું છે.

● તા.૨૭ મી ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ, રાત્રે ૯-૦૦ વાગે, એક ઓનલાઈન (ઝૂમ એપ્લિકેશન પર) 'વઢીયારી કવિ સંમેલન' યોજાઈ ગયું; જેમાં ગાંધીનગરના કવિ રમેશભાઈ ઠક્કર;ડૉ.કિશોર ઠક્કર; રઘુભાઈ રબારી; ડૉ. નિષાદ ઓઝા; કલ્પેશ રામાનુજ 'ગુમનામ' અને નવઘણસિંહ વાઘેલાએ,પોતાની સ્વરચિત રચનાઓનું, સ્વમુખે પઠન કર્યું હતું.આ કાર્યક્રમમાં મનુભાઈ ઠાકોર'મનન'; અનિતા તન્ના; આલાપ તન્ના અને ભાગ્યેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશ તન્નાએ કર્યું હતું.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

ટોડલે મોર ગહેકાવનાર સર્જક : ઝવેરચંદ મેઘાણી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

'ધરતીનું ધાવણ ધાવેલા તથા યુનિવર્સિટીના ખોળે ઉછરેલા' ઝવેરચંદ મેઘાણીની સ્મૃતિ શ્રાવણી ભીનાશમાં સૌરભનો ઉમેરો કરી જાય છે. ૧૯૧૩માં ભાવનગરની કોલેજમાં એક વિદ્યાર્થી તરીકે જુદો તરી આવે છે. કવિ ઉમાશંકર જોશી લખે છે :

''આ વિદ્યાર્થીની આકૃતિ આકર્ષક પણ શરમાળ સ્વભાવ. પરંતુ પુનમની રાત્રીઓએ ભાવનગરના જશોનાથ મહાદેવના ચોગાનમાં સ્નેહ – સંમેલનોમાં સૌ ગાતા ત્યારે પોતાનો વારો આવતા એ શરમાતો, ક્ષોભ પામતો યુવક ત્યારે તો ઝીણા પણ મીઠા સ્વરે સરોદ કલાપી કે નાનાલાલમાંથી એકાદ ગીત છેડતો અને સૌના હૃદય સાથે સૂક્ષ્મ સંબંધે બંધાતો મેઘાણી ગાતા ત્યારે વાતાવરણમાં મોહક કરુણતા પ્રસરી રહે.'ત્રિનેત્રેશ્વર જશોનાથે પણ આ મોટી આંખોવાળા નિર્દોષ યુવક પર કરુણા વરસાવી હશે. કારણકે ભવિષ્યમાં આ યુવક બુલંદ સ્વરે કાવ્યો લલકારીને વિશાળ માનવ સમુહને મંત્રમુગ્ધ કરવા સર્જાયો હતો. માત્ર ૫૦ વર્ષની ઉમ્મરે બોટાદમાં ૧૯૪૭ના માર્ચની નવમીની રાત્રે તેમણે અચાનક તથા અકાળે આ જગતની વિદાય લીધી. સમગ્ર રાજયે સ્વજન ગુમાવ્યાનો આઘાત અનુભવ્યો. દુનિયાના લોકો કોઈને માનમોભો આપે છે કે નાણાં જેવી વસ્તુઓ પણ આપે છે. પરંતુ આ દુનિયામાં મેઘાણીને મળ્યો તેટલો જનજનનો પ્રેમ ગાંધી સિવાય જવલ્લેજ કોઈને મળ્યો હશે.

મેઘાણીએ જે ધૂળધોયાનું અઘરું કાર્ય કર્યું તેમાં ઉમંગ – ઉત્સાહ સાથે ભારોભાર નિષ્ઠા ભરેલી હતી. ખૂણેખૂણેથી લોકસાહિત્ય એકઠું કરીને તેમણે જગતના ચોકમાં ગૌરવભેર રજૂ કર્યું. લોકસાહિત્યને પુનર્જીવિત કરવાના આ પ્રયાસોમાં પુર્ણતઃ ભક્તિભાવ હતો. તેઓ લોકસાહિત્યના ખરા ઉપાસક હતા. આ કાર્ય તેમણે લગભગ એકલા હાથે આજીવન કર્યું. લોકસાહિત્ય પરત્વે કેટલાક ગમા - અણગમા કે પૂર્વગ્રહ શિક્ષિત વર્ગના હતા. તેમના મનમાં બાજેલા ઝાળા તેમણે દૂર કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો. લોકસાહિત્યની પુનઃ પ્રતિષ્ઠા કરી. કદાચ આજ તેમનું જીવનકાર્ય હતું. એક પત્રમાં કવિ ઉમાશંકર જોશીને લખે છે : '' બીજી કોઈ પ્રતિષ્ઠા જોઈતી નથી. લોકસાહિત્યની એકજ કલગી બસ છે.લ્લલ્લ લોકસાહિત્યને હૈયામાં ધરબીને જાણે જાત સાથે વાત કરતા હોય તેમ તેઓ ગાઈ ઉઠે છે :

હૈયા કેરી ધારણે તારે
ઉર ઊઠે જે સૂર જી...
એ સૂરને ઈમાનીભાઈ
ગાયા કર ચકચૂર..
જી..જી..જી..જી..
શબદનો વેપાર.

જે સર્જકો હોય છે તેમના અંતરમાં એક ઊંડા અજંપાનો ભાવ રહેતો હોય તે બનવા જોગ છે. કલાપી જીવનના કાંટા – ઝાંખરાથી ઉઝરડાયા છે અને પછીજ આ વ્યથા કાવ્યોમાં પ્રગટી છે. ''આઈ વીલ નોટ રેસ્ટ''એ રોમા રોલાની આત્મકથા છે. મેઘાણી લખે છે : ''તટસ્થતાના સુરક્ષિત ગઢકિલ્લાઓમાં ભરાઈને બેસનાર હું નથી. જનતા સમસ્ત પ્રત્યેની જવાબદારીમાંથી છટકી જઈ અલગ બેસીને સમાજનું આચાર્યપદ માણવાની સાહેબી મને ન ખપે.લ્લલ્લ જો લોકો વ્યથા અનુભવે તેજ તેમાં હોમાઈ જાય છે. એ તીરે ઊભી તમાશો જોનાર નથી. આવા લોકો હોમાય છે. કારણકે એ પોતાની જાતને રોકી શકતા નથી. વ્યહારુ થવું તેમને પસંદ નથી. જયપ્રકાશ નારાયણે નાદુરસ્ત તબીયતે સત્તાની આપખુદશાહીને પડકારી હશે. દુર્ગાતાઈ (દુર્ગા ભાગવત) જેવા સર્જકો પણ આવી મનોસ્થિતિમાં સતને અજવાળે ચાલ્યા હશે. મેઘાણી આવા એક સર્જક છે. પીડીતો શોષિતોની સ્થિતિ જોતાં તેમની કલમ ફુલ – કળી અને કોયલના મધુર ટહુકાથી દૂર જતી રહે છે. વેદનાના શબ્દોની સરવાણી વહે છે :

ધરતીના પટે પગલે પગલે
મૂઠી ધાન વિના નાના બાળ મરે,
પ્રભુ હીન આકાશેથી આગ ઝરે
અહોરાત કરોડ કરોડ ગરીબોના
પ્રાણ ધનીકોના હાથ રમે
ત્યારે હાયરે હાય કવિ તને
પૃથ્વીને પાણી તણાં શેણે ગીત ગમે ?

વડીયા જેવા નાના એવા રજવાડાના દરબાર ગગાભાઈની વાત મેઘાણીભાઈએ પોતાની સંશોધક – સર્જનયાત્રાના ભાગ તરીકે લખી. શાસક ભલે નાનો કે સામાન્ય હોય, પરંતુ તેનીગરવાઈ આભને આંબી શકે તેવી હોઈ શકે છે. ગામના એક સુખી – સંપન્ન ખેડૂતને વિચાર થયો કે મારી મહેનતથી અનાજ પકવ્યું છે. આ પાકેલા અનાજમાંથી દરબારને ભાગ આપવો પડશે. માનવ સહજ આ વૃત્તિને કારણે વહેલી પરોઢે પાછલી રાતના અંધારામાં બને તેટલું અનાજ ગાડામાં ભરી પોતાના ઘેર લઈ જવા પ્રયાસ કરે છે. ગાડુ અનાજથી છલોછલ ભરે છે. ઉષાના કિરણો હળવા ડગે ધરતી પર પગલા પાડે છે. ઉતાવળા થઈ ખેડૂત ગાડુ ઘર તરફ હાંકે ત્યાંજ દુર્ભાગ્યે ગાડાનું એક વ્હીલ નીકળવા લાગ્યું. કોઈ ટેકો કરે તો પૈડું સરખું કરી શકાય. ખેડૂતે ચિંતા સાથે ચારે તરફ જોયું. સામેજ દરબાર ગજાભાઈ ચાલ્યા આવે છે. વહેલી પરોઢની ઠંડકથી બચવા દરબારે મોં-માથા પર કપડું બાંધ્યું છે એટલે ઓળખાતા નથી. ખેડૂતે મદદ કરવા દરબારને ઓળખ્યા સિવાય વિનંતી કરી. દરબારે ગુસ્સે થવાના બદલે વિચાર્યું કે ખેડૂતની મહેનત છે. રાજ્યના ભાગે ભલે થોડું ઓછું આવે. ટેકો કરીને દરબારે ગાડુ વહેતું કરાવ્યું. ચૂપચાપ પાછા દરબારગઢમાં જઈ નિત્યક્રમમાં લાગી ગયા. એકવાર ખેડૂત રાજ્યથી નારાજ થઈ ગામ છોડી જવાની તૈયારી કરવા લાગ્યા. દરબારને મળવા આવ્યા અને પોતાના આ નિર્ણયની જાણ કરી. દરબાર ધીમા છતાં સ્પષ્ટ રીતે પટેલને કહે છે : '' વારૂ પટેલ ! તમને ઠીક લાગે તેમ કરો, પરંતુ વહેલી પરોઢે અનાજ ભરેલા ગાડાનું પૈડું ચડાવવા મુંગા મોંએ મદદ કરે તેવો ઠાકોર ગોતજો ! લ્લલ્લ ખેડૂતને પોતાનો નિર્ણય આ સાંભળ્યા બાદ થોડી ક્ષણોમાંજ બદલવો પડ્યો. ઉદારતા અને ગરવાઈ એજ શાસક અને શાસનની શોભા છે તેવી વાત કેટલી સચોટ રીતે અહીં સ્પષ્ટ થઈ છે !

સોપાને મેઘાણીભાઈની વસમી વિદાય ટાણે લખ્યું કે એ કોઈ વાડામાં પુરાયેલા ન હતા. આતમની એરણ પર ઓરાતા અનુભવની વાત આ કવિ પામ્યાઅને તેનેજ બાહ્ય જગતમાં પ્રગટાવી.

આતમની એરણ પરે જેદી
અનુભવ પછડાય જી...
તે દિ શબદ તણખા ઝરે
રગરગ કડાકા થાય...
જી..જી..જી..જી શબદનો
વેપાર.

અક્ષરજ્ઞાનના ગેરઉપયોગથી દુનિયાને હાનિ થઈ છે

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

હિંદ સ્વરાજ પુસ્તકમાં વાચક અધિપતિને પૂછે છે, તમે આટલું બધું બોલ્યા તેમાં તમે કયાંયે કેળવણીની તો જરૂર જ ન બતાવી. આપણે કેળવણીની ખામીની હંમેશાં રાવ ખાઈએ છીએ. ફરજિયાત કેળવણીની આપવાની હિલચાલ આખા હિંદુસ્તાનમાં જોઈએ છે. વાચક અધિપતિના માધ્યમે સમજણનો દોર સાંધતા આ પુસ્તકના કુલ ૨૦ પ્રકરણોમાં કેળવણીના પ્રકરણનું સ્થાન ૧૮મું છે એ તરફ સીધા નિર્દેશ કરતા વાચક અધિપતિને કહે છે આટલું બધું બોલ્યા પણ કેળવણીની જરૂર જ ન બતાવી. મૂળમાં તો ગાંધી જ પ્રશ્નકર્તા અને ગાંધી જ જવાબ દેનાર છે, ત્યારે કેળવણીની ચર્ચા બહુ મોડી મોડી આ સંવાદમાં સામેલ થાય છે એ તરફ ખુદ ગાંધીજી જ ઈશારો કરે છે અને બીજી તરફ કેળવણી બાબતે તેઓ કેટલા ચિંતિત છે એ પણ દર્શાવી જાય છે.

એ સમયે સર મહારાજા સયાજીરાવ ત્રીજાએ તેમના વડોદરા રાજયમાં મફત અને ફરજિયાત કેળવણી દાખલ કરી હતી તેનો ઉલ્લેલ કરતાં અધિપતિ ગાંધી કહે છે 'મહારાજા અને બીજા આગેવાનો બધાને કેળવણી આપવા મથી રહ્યા છે એમાં એમનો હેતુ નિર્મળ છે. તેથી તેમને ધન્યવાદ આપવા જ ઘટે છે. પણ તેમના હેતુનું પરિણામ જે આવવા સંભવ છે તે આપણે ઢાંકી શકતા નથી. આટલી વાત પછી તેઓ કેળવણીનો આખો મુદ્દો ચર્ચે છે.'

'એકસો અગિયાર વર્ષ પહેલાં હિંદ સ્વરાજમાં ગાંધીએ કરેલી વાત આજે પણ શાશ્વત'

ગાંધી સવાલથી જ સમજ આપવાની શરુઆત કરે છે. તેઓ પૂછે છે - કેળવણી એટલે શું ? - જો તેનો અર્થ અક્ષરજ્ઞાન એટલો જ હોય તો તે એક હથિયારરુપ થયું. તેનો સદ્‌ઉપયોગ પણ થાય અને દુરુપયોગ પણ થાય. એક હથિયારથી વાઢકાપ કરી દરદીને સાજો કરાય. તે જ હથિયાર જાન લેવાને સારું વપરાય. એમ અક્ષરજ્ઞાન છે.

ગાંધી લખે છે 'અક્ષરજ્ઞાનનો ગેરઉપયોગ ઘણા માણસો કરે છે એ તો આપણે જોઈએ છીએ. આ વાત બરોબર હોય તો એમ સિદ્ધ થાય છે કે અક્ષરજ્ઞાનથી દુનિયાને ફાયદાને બદલે હાનિ થઈ છે.'

કેળવણીનો સાધારણ અર્થ અક્ષરજ્ઞાન એ જ થાય છે. લોકોને લખતાં, વાંચતા, હિસાબ ગણતાં શીખવવું એ મૂળ અથવા પ્રાથમિક કેળવણી કહેવયા છે. એક ખેડૂત પોતે પ્રામાણિક પણે ખેતી કરી રોટી કમાય છે. તેને સાધારણ રીતે દુન્યવી જ્ઞાન છે. તેણે માબાપ પ્રત્યે કેમ વર્તવું, તેણે પોતાની સ્ત્રી સાથે કેમ વર્તવું, છોકરાં તરફ કેમ ચાલવું, જે ગામડાંમાં વસે છે ત્યાં તેને કેમ રીતભાત રાખવી, આ બધાનું જ્ઞાન તેને પૂરતું છે. તે નીતિના નિયમો સમજે છે અને પાળે છે. પણ તેને પોતાની સહી કરતા નથી આવડતી. આ માણસને તમે અક્ષરજ્ઞાન આપી શું કરવા માંગો છો ? તેના સુખમાં શું વધારો કરશો ? તેના ઝૂંપડાનો કે તેની સ્થિતિનો તમારે અસંતોષ ઉપજાવવો છે ? ગાંધી આવા અક્ષરજ્ઞાન આપવા સંબંધે વેધક સવાલો રજૂ કરતા ફરી પાછા કહે છે, 'તેમ કરવું હોય તો પણ તમારે તેને અક્ષરજ્ઞાન આપવાની જરૂર નથી. પશ્ચિમના પ્રતાપમાં દબાઈ જઈને આપણે લઈ ભાગીએ છીએ કે લોકોને કેળવણી આપવી પણ તેમાં આગળ પાછળનો વિચાર આપણે કરતાં નથી.'

પશ્ચિમના અનુકરણે ભારતીય પ્રજાને અક્ષરજ્ઞાન સાથે જોડવામાં આગળ પાછળનો વિચાર કરાતો નહીં હોવાના દાખળાઓ સાથે ગાંધી અક્ષરજ્ઞાનથી ઉપર ઉચ્ચ કેળવણીની વાત કરે છે. પોતાનો દાખલો આપતા તેઓ કહે છે, હું ભૂગોળ વિદ્યા શીખ્યો, ખગોળવિદ્યા શીખ્યો, બીજ ગણિત મને આવડ્યું. મેં ભૂમિતિનું જ્ઞાન લીધું, ભૂસ્તરવિદ્યાને ભૂંસી બાળી, તેથી શું ? તેથી મેં મારું શું ઉજાળ્યું ? મારી આસપાસનાને શું ઉજાળ્યા ? મેં તે જ્ઞાન શા હેતુથી લીધું ? તેમાં મને શો ફાયદો થયો?

- મો. ક. ગાંધી પોતાનું દૃષ્ટાંત આપીને અક્ષરજ્ઞાન પછીની કેળવણી એટલે કો પોતે જ શિક્ષણ લીધું છે એવા ઉચ્ચ શિક્ષણ દ્વારા સમાજને શું ફાયદો થયો એવો પ્રશ્ન કરવા સાથે ખરેખર તો આ સવાલ પોતાની જેમ અન્ય જે ઉચ્ચ કેળવણી પામેલા છે તેમણે શું ફાયદો સમાજને આપ્યો એવો વેધક સવાલ રજૂ કરે છે.

પશ્ચિમી કેળવણીના આંધળા અનુકરણ સામે ખુદ પશ્ચિમી વિચારક થોમસ હસકલીના 'A Liberal Education : And Where to Find It -' નિબંધને ધરતા કહ છે જે માણસનું શરીર એવું કહેવાયું છે કે તે તેના અંકુશમાં રહી શકે છે, તે શરીર ચેનથી અને સરળતાથી તેને સોંપેલું કામ કરે છે તેને ખરી કેળવણી મળી છે. હસકલીની જ વાત દલીલ રુપે પુનઃ ટાંકતા તેઓ કહે છે 'જેની બુદ્ધિ શુદ્ધ છે, શાંત છે ને ન્યાયદર્દી છે તેને ખરી કેળવણી લીધી છે. જેનું મન કુદરતના કાયદાઓથી ભરેલું છે. જેની ઈન્દ્રિયો તેને વશ છે. જેની અંર્તવૃત્તિ વિશુદ્ધ છે. અને જે માણસ નીચ કામને ધિક્કારે છે તથા પોતાના સરખા બીજાઓને ગણે છે આવો માણસ ખરો કેળવાયેલો ગણાય, કેમ કે તે કુદરતના નિયમ પ્રમાણે ચાલે છે. કુદરત તેઓ સારો ઉપયોગ કરશે અને તે કુદરતનો સારો ઉપયોગ કરશે.'

- આટલી વાત પછી તેઓ હસકલીના 'ખરી કેળવણી' સંબંધના વિચાર અને પોતે પ્રાપ્ત કરેલા શિક્ષણ - ઉચ્ચ શિક્ષણની સમીક્ષા કરતાં હોય એમ કહે છે, 'જો ખરી કેળવણી' આ હોય તો પારે સોગનપૂર્વક કહેવું જોઈએ કે હું ઉપર જે શાસ્ત્રો ગણાવી ગયો તેનો ઉપયોગ મારા મન-શરીરને કે મારી ઈન્દ્રિયોને વશ કરવામાં મારે નથી કરવો પડ્યો. એટલે પ્રાથમિક કેળવણી લો કે ઊંચી કેળવણી લો પણ તેનો ઉપયોગ મુખ્ય વાતમાં નથી આવતો. તેથી આપણે માણસ નથી બનતા - તેથી આપણે આપણું કર્તવ્ય નથી જાણતા.

ગાંધીની કેળવણીની વાતમાં કેળવાયેલો વ્યક્તિ - નાગરિક માણસ બ